# પ્રાકૃતિક ખેતીમાં રોગ-જીવાત નિયંત્રણ

**શ્રી બિપીન એમ.વઘુનિયા, શ્રી સાગર એ.પટેલ,**
**શ્રી હર્ષદ એ.પ્રજાપતિ, ડૉ.જે.બી.ડોબરીયા,**
**ડૉ. પ્રતિક પી. જાવિયા, શ્રી કશ્યપ વી. પટેલ**

માતા ભૂમિ પૂતરો અહમ પૃથ્વીઆ : એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેના પુત્ર છીએ. વધારે ઉત્પાદની લાલચમાં માણસે કૃત્રિમ ખાતર તથા જંતુનાશક દવાઓનો આંખો બંધ કરીને ઉપયોગ કર્યો જેથી ઉત્પાદકતા ઉત્તરોત્તર ઘટતી ગઈ.

રાસાયણિક અને સજીવ ખેતી પછી હવે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળતાં થયા છે. પ્રાકૃતિક કૃષિ હમણાંના સમયમાં જ્યારે કેન્સર જેવી જીવલેણ બીમારીઓ વધી ગઈ છે તો આ ખેતી સારામાં સારો ઉપાય સાબિત થઈ શકે છે. આ પધ્ધતિ દ્વારા જંતુનાશકો પણ બનાવવામાં આવે છે. જેમાં છાણ અને ગૌમુત્ર ઉપરાંત વિવિધ પ્રકારના છોડ જેવા કે તમાકુ, લસણ, લાલ મરચું વગેરેના પાંદડા વપરાય છે. આ ઉત્પાદનોમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્ર અને દશપર્ણી અર્ક હોય છે. ખેડૂત આરામથી તેમણે ખેતરમાં છાંટી શકે છે જે પાકને નુકશાન કરતાં દુશ્મન જીવોને આપ મેળે બંધ કરશે અને મિત્રપૂર્ણ કિટકોની સંખ્યામાં વધારો કરશે.



**૧. નીમાસ્ત્ર :–**

**ચૂસીયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે**

**રીત :–**

પાંચ કિ.ગ્રા. લીમડાના લીલા પાન અથવા પાંચ કિ.ગ્રા. સુકાવેલી લીંબોળી લઈ, ખાંડીને રાખવી, ૧૦૦ લીટર પાણીમાં આ ખાંડેલ લીમડો અથવા લીંબોળીનો પાવડર નાખો. એમાં ૫ લીટર ગૌમુત્ર નાખો અને ૧ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ ભેળવવું. લાકડીથી આને મિશ્ર કરી ૪૮ કલાક સુધી ઢાંકીને રાખવું. દિવસમાં ત્રણ વખત હલાવવું અને ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળી લેવું . હવે પાક પર સીધો છંટકાવ કરો. તેમાં પાણી ઉમેરપોનું નથી.

**૨. બ્રહ્માસ્ત્ર :**

**કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે**

**રીત :–**

૧૦ લીટર ગૌમુત્ર લો. તેમાં ૩ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને નાખો એમાં ૨ કિ.ગ્રા. કરંજના પાન નાખો. જો કરંજના પાન ન મળે તો ૩ કિ.ગ્રા. લીમડાના પાનની જગ્યાએ ૫ કિ.ગ્રા. લીમડાના પાન નાખો, તેમાં ૨ કિ.ગ્રા

સિતાફળના પાન ખાંડીને નાખો. ત્યાર બાદ તેમાં ૨ કિ.ગ્રા. સફેદ ધતુરાના પાન ખાંડીને ઉમેરો. હવે આ મિશ્રણને ગૌમુત્રમાં ભેળવી અને ઢાંકીને ઉકાળવું . આશરે ૩–૪ વખત ઉભરા આવ્યા પછી તેને ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ થવા દેવું. પછી કપડાથી ગાળીને કોઈ મોટા વાસણમાં ભરીને રાખો. આ થઈ ગયુ બ્રહ્માસ્ત્ર તૈયાર ૧૦૦ લીટર પાણીમાં ૨–૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

**૩. અગ્નિ અસ્ત્ર**

વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, ફળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે.

**રીત :–**

૨૦ લીટર ગૌમુત્ર લો. તેમાં અડધો કિ.ગ્રા. લીલા મરચાં ખાંડીને નાખો તેમજ અડધો કિ.ગ્રા. લસણ ખાંડીને નાખો. ૫ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને ઉમેરવા અને મિશ્રણને લાકડીથી હલાવવું. આશરે ૪–૫ વખત ઉકાળ્યા પછી ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ પડવા દેવું. ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળીને એક વાસણમાં ભરીને રાખો. ૧૦૦ લીટર પાણીમાં ૨–૨.૫ લીટરના



પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

**૪. ફુગનાશક :–**

**રીત :–**

૧૦૦ લીટર પાણીમાં ત્રણ લીટર ખાટી છાશ અથવા લસ્સી ભેળવીને પાક ઉપર છંટકાવ કરો. આ ફુગનાશક છે, સજીવક છે અને વિષાણરોધક છે. ખુબ જ સારૂં કામ કરે છે.

**૫. દસપર્ણી અર્ક દવા :–**

એક પીપ અથવા માટીના વાસણમાં ૨૦૦ લીટર પાણી લો. તેમાં ૧૦ લીટર ગૌમુત્ર નાખો. ૨ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ નાખી બરાબર મિશ્ર કરો, ત્યાર પછી એમાં ૫ કિ.ગ્રા. લીમડાની નાની નાની ડાળીઓના કટકા કરીને નાખો, તેમજ ૨ કિ.ગ્રા. સીતાફળના પાન, ૨ કિ.ગ્રા. કરંજના પાન, ૨ કિ.ગ્રા. એરંડાના પાન, ૨ કિ.ગ્રા. ધતુરાના પાન, ૨ કિ.ગ્રા. બીલીના પાન, ૨ કિ.ગ્રા મઢારના પાન, ૨ કિ.ગ્રા. બોરના પાન, ૨ કિ.ગ્રા. પપૈયાના પાન, ૨ કિ.ગ્રા. બાવળના પાન ૨ કિ.ગ્રા. જામફળના પાન, ૨ કિ.ગ્રા. જાસુદના પાન, ૨ કિ.ગ્રા. તરોટેના પાન, ૨ કિ.ગ્રા. બાવચીના પાન, ૨ કિ.ગ્રા. આંબાના પાન, ૨ કિ.ગ્રા. કરેણના પાન, ૨ કિ.ગ્રા. દેશી કારેલાના પાન, ૨ કિ.ગ્રા. ગલગોટા છોડના ટુકડા ઉમેરો.

ઉપર જણાવેલ વનસ્પતિઓમાંથી કોઈ પણ દશ વનસ્પતિ નાખો. જો આપના વિસ્તારમાં બીજી ઔષધીય વનસ્પતિઓની જાણ હોય તો તેના પણ પાન લેવા. ત્યારપછી અડધાથી એક કિ.ગ્રા.ખાવાની તમાકુ અને અડધો કિ.ગ્રા. તીખા મરચાની ચટણી નાખવી. તે પછી એમાં ૨૦૦ ગ્રામ સૂંઠનો પાઉડર તેમજ ૫૦૦ ગ્રામ હળદરનો પાવડર નાખવો. હવે તેને લાકડીથી હલાવવું. આ મિશ્રણને છાંયામાં રાખી દિવસમાં ૨ વખત સવાર અને સાંજ લાકડાથી હલાવવું. આ મિશ્રણને વરસાદના પાણી તેમજ તડકાથી બચાવવું. આ મિશ્રણને તૈયાર થવામાં ૪૦ દિવસ લાગે છે. ત્યાર બાદ તેને કપડાથી ગાળી અને વાસણમાં ઢાંકીને રાખવું . આ મિશ્રણને છ માસ સુધી રાખી શકાય. ૨૦ લીટર પાણીમાં ૫ થી ૬ લીટર દશપણી અર્ક જીવાતના નિયંત્રણ માટે છાંટવું. આ ખુબજ સરળ અને અસરકારક છે. કોઈ પર્ષ અથવા ફળાઉ ઝાડ ઉપર કીટનાશક દવા છાંટવા માટે ઘરે બેઠા દવા બનાવો.

*****



ભાકૃ અનુપ ICAR

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# પ્રાકૃતિક ખેતીમાં રોગ - જીવાત નિયંત્રણ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી
વઘઈ - ૩૯૪૭૩૦
Email:- kvkwaghai@nau.in

વર્ષ : ૨૦૨૧ - ૨૦૨૨

પ્રકાશન નં.૧૩૨/૨૦૨૧-૨૨